અપીલ અરજી નં.૧૯૨ તા.૨૮–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પ્રમુખશ્રી ડાયમંડ પાર્ક એપા.કો.ઓ.હા.સો.લી
સામાવાળાઃ– ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(ફાયર વિભાગ)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રમુખશ્રી ડાયમંડ પાર્ક એપા.કો.ઓ.હા.સો.લી.ની તા.૮–૬–૧૧ ના રોજની અરજીથી રાજ સોડા ફેકટરી દુકાન ગ્રાઉન્ડ ફલોર ડાયમંડ પાર્ક એપાર્ટ., પોલીસ લાઈન સામે, રામપુરા, મેઈનરોડ, સુરતમાં આવેલ ગેસ આધારીત બોટલીંગ પ્લાન્ટ ચાલે છે જેને કારણે ઈમારતમાં ધ્રુજારી તથા સ્ટ્રકચરલને નુકશાન થાય છે તો કયા અધિકારી આ પ્લાન્ટને મંજુરી આપવામાં આવી છે તેની વિગત અને નોંધણી નંબરની વિગત આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૮–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૯૨/૨૦૧૧–૧૨

શ્રી પ્રમુખશ્રી ડાયમંડ પાર્ક એપા.કો.ઓ.હા.સો.લી.ની તા.૮–૬–૧૧ના રોજની અરજીથી રાજ સોડા ફેકટરી દુકાન ગ્રાઉન્ડ ફલોર ડાયમંડ પાર્ક એપાર્ટ., પોલીસ લાઈન સામે, રામપુરા, મેઈનરોડ, સુરતમાં આવેલ ગેસ આધારીત બોટલીંગ પ્લાન્ટ ચાલે છે જેને કારણે ઈમારતમાં ધ્રુજારી તથા સ્ટ્રકચરલને નુકશાન થાય છે તો કયા અધિકારી આ પ્લાન્ટને મંજુરી આપવામાં આવી છે તેની વિગત અને નોંધણી નંબરની વિગત આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૮–૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૯ તા.૫–૮–૧૧ થી ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(ફાયર વિભાગ) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત જણાવેલ ન હોય જે રજુ કરવા સાથે તેમની જાણ હેઠળ અરજીની તબદીલી થયેલ હોય તો તેની વિગત તથા પક્ષકાર જા.મા.અ. પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એફઈએસ/આ.નં.૨૦૩૮ તા.૧૦–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એફઈએસ/આ.નં.૨૦૩૨ તા.૧૦–૮–૧૧ ના રોજ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ તથા ફી ભર્યાની વિગત અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૮–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને સબંધિત વિભાગ ફાયર એન્ડ સેફટી વિભાગને જણાવી કરવામાં આવેલ. જે અંગે નિયત સમય અવધિમાં માહિતી નહીં મળતા અરજદારે તા.૮–૬–૧૧ ના રોજ રૂા.૨૦/– ભરી રસીદ નં.૩૦૯૨૭૨ આઈ ડી નં.૩૧૬ થી માંગવામાં આવેલી માહિતી તા.૨૭–૭–૧૧ સુધી કોઈ પણ જાતની માહિતી મળી નથી તેવું જણાવી તા.૨૭–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે અત્રેથી બંને પક્ષકારોને પૂરક વિગતો માંગતા પત્રો પાઠવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદાર તરફથી કરવામાં આવેલ અરજી સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ ન હોવાથી સમય મર્યાદામાં માહિતી પૂરી પડાયેલ નથી તેવું જણાવી અરજદારને આપવામાં આવેલ માહિતી અંગેના પત્ર નં.એફઈએસ/આ.નં.૨૦૩૨ તા.૧૦–૮–૧૧ થી "અરજીમાં જણાવ્યા મુજબ સ્થળ ડાયમંડ પાર્ક એપાર્ટ. કો.ઓ.હા.સો.લી., રામપુરા, મેઈનરોડ, પોલીસ લાઈન સામે રામપુરા સ્ટ્રીટ રાજ સોડા ફેકટરીમાં ગેસ આધારીત બોટલીંગ પ્લાન્ટને ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસ વિભાગ ધ્વારા મંજુરી આપવામાં આવેલ નથી." તેવું જણાવેલ છે. આમ અરજદારે ફાયર વિભાગ કક્ષાએથી માંગવામાં આવેલ માહિતી બાબતે કરેલ અપીલ અરજી સંબધે અરજદારને માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન કક્ષાએથી અરજી સમયસર તબદીલ થાય અને કલમ–૬(૩) ની જોગવાઈનું ચુસ્ત પાલન થાય તેની તકેદારી રાખવા પણ જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,

(૧) ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી પ્રમુખશ્રી ડાયમંડ પાર્ક એપા.કો.ઓ.હા.સો.લી